દિવ્ય ભાસ્કર ક્રૂટ પેજ-૦૨ તા-૨૬.૦૧.૨૦૨૫



આજે પણ કોલ્ડપ્લે કોન્સર્ટ




## જ્યાં જુઓ ત્યાં લાંબી લાઈનો

## સ્ટેડિયમ બહાર, મેટ્રોમાં પણ ઉત્સવનો માહોલ

કોલ્ડપ્લે કોન્સર્ટ જોવા પ્રથમ દિવસે 1 લાખથી વધુ લોકો ઉમટી પડ્યા હતા. બપોર પછી તમામ રસ્તા મોદી સ્ટેડિયમ તરફ જતા દેખાયા. સ્ટેડિયમ બહાર લોકો ઉત્સાહ સાથે કોલ્ડપ્લે કોન્સર્ટના ગીત ગાતા હતા. એ જ રીતે મેટ્રોની અંદર અને મેટ્રો સ્ટેશનો પર કીડિયારું ઊભરાયું હોય તેમ માનવમેદની જામી હતી. મેટ્રોમાં લોકોએ અંદર જ કોલ્ડપ્લેના સૂત્રો પોકારી આનંદની અભિવ્યક્તિ વ્યક્ત કરી હતી.

**ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ** | બપોરે 12થી જ 1.32 લાખની ક્ષમતાના સ્ટેડિયમ બહાર કીડિયારું ઊભરાયું હોય તેવી ભીડ

# નમસ્તે ટ્રમ્પ, વર્લ્ડ કપની ભારત-પાક. મેચ અને ફાઈનલ, BAPS મહોત્સવ પછી કોલ્ડપ્લેમાં મોદી સ્ટેડિયમ છલોછલ ભરાઈ ગયું

### ■ કોન્સર્ટ પછી સ્ટેડિયમથી RTO જવા રિક્ષાચાલકોએ 1500 પડાવ્યા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

બપોરે 12 વાગવાની સાથે મોદી સ્ટેડિયમના તમામ બહાર કોલ્ડપ્લેના ચાહકોના ભીડ એકત્ર થવાની શરૂ થઈ. દોઢથી બે કલાક રાહ જોયા પછી કોન્સર્ટ મેનેજમેન્ટે ધીરે ધીરે એન્ટ્રી આપવાની શરૂ કરી. આ સમયે ટ્રાફિક પોલીસે જનપથ ટી મોદી સ્ટેડિયમના ગેટ સુધી, કૃપા રેસિડેન્સીથી સ્ટેડિયમ સુધીનો રસ્તો બંધ કરી દીધો હતો. મેટ્રોના તમામ સ્ટેશન પર કીડિયારું ઊભરાયું હોય તેવું લાગતું હતું. મેટ્રો ટ્રેનમાં પણ જ્યાં જુઓ ત્યાં કોલ્ડપ્લેના ચાહકો ગીતો ગાતા અને સૂત્રો પોકારતા દેખાયા હતા. કેબમાં કે મેટ્રોમાં આવેલા લોકોએ પણ લગભગ 1 કિલોમીટર ચાલવું પડ્યું હતું. ફેબ્રુઆરી 2020માં નમસ્તે ટ્રમ્પ, 14 ઓક્ટોબર 2023માં ભારત-પાક. વચ્ચે વર્લ્ડ કપની મેચ અને 19 નવેમ્બરે ભારત-ઓસ્ટ્રેલિયા ફાઈનલ, ગત 7 ડિસેમ્બર બીએપીએસના કાર્યકર સુવર્ણ મહોત્સવ પછી કોલ્ડપ્લેમાં 1.32 લાખની ક્ષમતાનું મોદી સ્ટેડિયમ છલકાયું હતું. કોન્સર્ટ પૂરો થયા પછી બહાર નીકળવા માટે ભારે ભીડ જામી હતી. આનો લાભ રિક્ષાવાળાઓએ ઉઠાવ્યો હતો. સ્ટેડિયમથી આરટીઓ જવા માટે પણ રૂ.1500થી 2 હજાર ભાડું વસૂલ્યું હતું. મેટ્રો પણ હાઉસફૂલ હોવાથી લોકોએ નાછૂટકે રિક્ષામાં પણ શેરિંગ પદ્ધતિ અપનાવી પૈસા ચૂકવ્યા હતા.

### બે યુવકને 4થી 5 પાસ પણ આપ્યા

## ક્રિસ માર્ટિને પ્રશંસક સાથે હોટેલ બહાર ટુવ્હીલરની રાઈડ માણી



નિલેશ અને મલય નામના બે ચાહક આઈટીસી નર્મદા બહાર ટુવ્હીલર પર બેઠા હતા. તેમણે લીડ સિંગર ક્રિસ માર્ટિનને ચાલતા જતા જોયા અને બંને ટુવ્હીલર પાછળ ગયા. બંનેને જોઈ ક્રિસ માર્ટિને ટુવ્હીલર ચલાવવાની માગ કરી પછી તે થોડેક સુધી ચલાવ્યું અને તેમનો ફોન રેકોર્ડ કરવા માટે આપ્યો. ટુવ્હીલરની રાઈડ પછી માર્ટિને બંને સાથે ફોટા પડાવ્યા. તેમણે પૂછ્યું કે, 'મારો શૉ જોવા આવો છો?' યુવકોએ કહ્યું, તેમના મિત્રો પાસે પાસ છે પણ તેમની પાસે નથી. આ સાંભળી માર્ટિને તેમના મેનેજરને બોલાવી પાંચ પાસ પણ આપ્યા હતા. ક્રિસ માર્ટિને સોશિયલ મીડિયા પર આ વીડિયો અને ફોટા પણ શેર કર્યા હતા.

## મુંબઈ, દિલ્હી, ગોવા સહિતની 60 ફ્લાઈટ ફુલ, ચાહકોએ 40 હજાર સુધી ભાડું ચૂકવ્યું

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શુક્રવારે રાત્રે 12 વાગ્યા પછી ડોમેસ્ટિક એરપોર્ટ પર લેન્ડ થતી ફ્લાઈટોમાં કોલ્ડપ્લેના ચાહકોનું આગમન શરૂ થઈ ગયું હતું. શનિવારે સાંજ સુધી એરપોર્ટ પર ઉત્સવ જેવો માહોલ હતો. વિવિધ ડોમેસ્ટિક ફ્લાઈટમાં આવતાં પેસેન્જર ટ્રાફિકમાં એક જ દિવસમાં 60 ટકાનો વધારો નોંધાયો હતો. મુંબઈ, દિલ્હી, ગોવા, જયપુર અને બેંગ્લુરુ સહિતની 60 ફ્લાઈટ ફૂલ થઈ ગઈ હતી. સામાન્યપણે ડોમેસ્ટિક એરપોર્ટ પર 15 હજાર પેસેન્જરની અવરજવર થતી હોય છે. પરંતુ કોલ્ડપ્લેના કારણે અનેક રાજ્યમાંથી ડાયરેક્ટ અને કનેક્ટિંગ ફ્લાઈટ આવતાં પેસેન્જર ટ્રાફિક 25 હજાર પાર કરી ગયો હતો. ઘણા ચાહકો 40 હજાર વન-વે ફેર ચૂકવીને આવ્યા હતા. સ્પાઈસ જેટે ધસારાને પહોંચી વળવા વધારાની ફ્લાઈટ પણ મૂકી હતી.



### એરપોર્ટ પર સેલ્ફી પોઈન્ટ

એરપોર્ટ પર એરાઈવલ બહાર જ કોલ્ડપ્લેની તસવીરો અને સ્ટેજ સાથે સેલ્ફી પોઈન્ટ બનાવાયો હતો. યુવક-યુવતીઓએ સેલ્ફી ખેંચી ખૂબ મજા માણી હતી. મુંબઈથી 14, દિલ્હીથી 13, બેંગ્લુરુથી 8, ગોવાથી 5 અને જયપુરથી 5 ફ્લાઈટ ફૂલ આવી હતી.

## 7,500ની ટિકિટના રૂ.9 હજારમાં બ્લેક, 2 ઝડપાયા, 6 ટિકિટ જપ્ત

ક્રાઈમ રિપોર્ટર | અમદાવાદ

કોલ્ડપ્લેની 7500ની ટિકિટની રૂ.9 હજારમાં બ્લેક કરતાં બે યુવકને પોલીસે ઝડપી લઈ 6 ટિકિટ જપ્ત કરી હતી. બાતમીને આધારે ઘાટલોડિયા પોલીસે બંનેને ટિકિટ ખરીદવાના નામે બોલાવ્યા હતા. સંબંધીએ ટિકિટ રદ કરાવતા યુવકોને ટિકિટ આપી હતી. ટિકિટ સાથે આવેલા શિવમ રાવલ અને રોહન આહુજાને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે ચાહકના સ્વાંગમાં બંને પાસેની ટિકિટ જોયા પછી પૈસા આપવાની વાત કરી બ્લેક કરતાં પકડી પાડ્યા હતા.

## આજે પણ મેટ્રો રાત્રે 12.30 સુધી ચાલુ, BRTSની 14 બસ મુકાઈ



કોન્સર્ટમાં આવતાં લોકોને ટ્રાન્સપોર્ટેશન મળી રહે તે માટે રવિવારે પણ મેટ્રો રાત્રે 12.30 સુધી ચાલુ રહેશે. રૂ.50માં પેપર ટિકિટ અપાય છે અને દર 8 મિનિટે મેટ્રો મળે છે. આ ઉપરાંત બીઆરટીએસની 14 બસ કોન્સર્ટ પૂરો થાય ત્યાં સુધી દોડાવવામાં આવશે.

## રૂ.1 હજારમાં કોલ્ડપ્લેની બે ટી-શર્ટ, રૂ.200માં કેપનું ધૂમ વેચાણ થયું




કોલ્ડ પ્લેની ટી-શર્ટનું ધૂમ વેચાણ થયું હતું. જયપુર, મુંબઈથી આવેલી ટી-શર્ટ પર વિવિધ ડિજિટલ પ્રિન્ટ હતી. 1 હજાર રૂપિયામાં 2 ટી-શર્ટ મળતી હતી. જ્યારે કેપ જેવી સામગ્રીનું રૂ.200માં વેચાણ થતું હતું.

## સાબરમતી સ્ટેશને ક્લોક રૂમ શરૂ, 24 કલાકનો લગેજ ચાર્જ રૂ. 20



ચાહકો માટે સાબરમતી સ્ટેશન પર હંગામી ક્લોક રૂમ બનાવવામાં આવ્યો હતો. કોઈપણ પેસેન્જર ટિકિટ બતાવી અહીં લગેજ મૂકી શકતો હતો. 24 કલાક માટે રૂ.20 ચાર્જ નક્કી કરાયો હતો. લગેજની સુરક્ષા માટે રેલવેએ સિક્યુરિટી ગાર્ડ મૂક્યા હતા.

## ચહેરા પર નિયોન પેઈન્ટથી કોલ્ડપ્લે ઈફેક્ટ માટે 300 ચાર્જ છતાં ધસારો



કોન્સર્ટમાં આવતાં લોકો ક્રિકેટ મેચની જેમ ચહેરા પેઈન્ટ કરાવતા હતા. નિયોન પેઈન્ટથી રૂ.300માં ચહેરો રંગી અપાતો હતો. નિયોન અને ગ્લિટર કલરથી ચહેરા પર તારા, ચંદ્ર, કોલ્ડપ્લેની ઈફેક્ટ અપાતી હતી.